Extra No. 217

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**ના તારીખઃ **૩જી એપ્રિલ, ૨૦૨૫**ના હુકમ ક્રમાંકઃ **કેપી/૨૦૨૫નો ૧૧/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૦૮૪૩/સેક્શન-જે**.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

The Gujarat Panchayats Act, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક: કેપી/૨૦૨૫નો ૧૧/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૦૮૪૩/સેક્શન–જે:- ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જેવી ૨૦૨૪ નો ૪૨૨-યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ સેક્શન, કેવી-૨૦૨૪ નો ૪૨૩-યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ સેક્શન, અને કેવી-૨૦૨૪ નો ૪૨૪-યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ સેક્શન હેઠળ, અમરેલી જિલ્લાના ધારી ગ્રામ પંચાયત, પ્રેમપરા ગ્રામ પંચાયત, હરીપરા ગ્રામ પંચાયત, વેકરીયાપરા ગ્રામ પંચાયત અને નબાપરા-લેનપરા ગ્રામ પંચાયતના વિસ્તારોને, "નાના શહેરી વિસ્તારો" તરીકે નિર્દિષ્ટ કર્યા છે અને ધારી મ્યુનિસિપાલિટીની રચના કરી છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો "નાના શહેરી વિસ્તારો" હોવાથી, સંબંધિત જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણપણે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કિસ્સામાં, અનુસૂચિની કોલમ (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના સંબંધિત મતદાર વિભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના પ્રતિનિધિ તરીકે હોતા બંધ થતા હોવાથી, જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વિદ્યમાન જિલ્લા પંચાયત, અમરેલીના સભ્યોની સંખ્યા કામચલાઉ રીતે ૩૪માંથી ઘટાડીને ૩૩ અને તાલુકા પંચાયત, ધારીના સભ્યોની સંખ્યા ૧૮માંથી ઘટાડીને ૧૪ કરે છે;

૨. જેમને સદરહુ જિલ્લા અને તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા છે તેવા જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલ જિલ્લા પંચાયત, અમરેલી અને તાલુકા પંચાયત, ધારી-ના સભ્યોનો હોદ્દો સમાપ્ત કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	જિલ્લા/તાલુકા પંચાયતનું નામ	જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર	જિલ્લા/તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	અમરેલી	અમરેલી જિલ્લા પંચાયત	ધારી-૧૨	ભુપતભાઈ ભાયાભાઈ વાળા
૨	અમરેલી	ધારી તાલુકા પંચાયત	૪-ધારી-૧	રમેશભાઈ વલ્લભભાઈ વાઘેલા
૩	અમરેલી	ધારી તાલુકા પંચાયત	૫-ધારી-૨	જયદેવભાઈ ચંપુભાઈ બસીયા

અનુક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	જિલ્લા/તાલુકા પંચાયતનું નામ	જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર	જિલ્લા/તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૪	અમરેલી	ધારી તાલુકા પંચાયત	૬-ધારી-૩	અનવરભાઈ નાનુભાઈ લલીયા
૫	અમરેલી	ધારી તાલુકા પંચાયત	૧૬-પ્રેમપરા	જયશ્રીબેન અતુલભાઈ કાનાણી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.10 22:04:30 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar